# સાબરકાંઠામાં સરકારી પ્રા.શાળાના બાળકો માટે નાણાંકીય સાક્ષરતા ક્વિઝ યોજાઈ

**પ્રથમ નંબરે આવનારને રૂા. ૧૦ હજાર, બીજા સ્થાને આવનારને ૭૫૦૦ ઈનામ અપાયું**

બાયડ, તા.૨૮

જી-૨૦ની ભારત દેશ અધ્યક્ષતા કરી રહ્યો છે ત્યારે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા માટે જી-૨૦ના સહયજમાન તરીકે બેઠકો દરમ્યાન જનભાગીદારી કાર્યક્રમોનું આયોજન થયું છે ત્યારે સમગ્ર શિક્ષા ગાંધીનગર દ્વારા જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સાબરકાંઠા દ્વારા સરકારી શાળાઓના બાળકો માટે નાણાંકીય સાક્ષરતા પર ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવી જેમાં પ્રથમ ૩નંબરે આવનારા બાળકોને ઈનામ આપી સન્માનિત કરાયા હતા. પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકા કક્ષાની સ્પર્ધા ગત ૧૯ જૂનના રોજ બી.આર.સી. કો.ઓર્ડીનેટર દ્વારા પૂરી કર્યા પછી તાલુકા કક્ષાએ પ્રથમ નંબરે આવેલ ટીમ માટે જિલ્લા કક્ષાની સ્પર્ધા બી.આર.સી. ભવન-હિંમતનગરમાં બી.આર.સી. કો.ઓર્ડીનેટર ચિરાગભાઈ પટેલની નિગરાની હેઠળ તા.૨૭ના રોજ યોજવામાં આવી હતી જેમાં ખેડબ્રહ્મા તાલુકાની દીઘીયા, ઈડર તાલુકાની કડીયાદરા, પોશીના તાલુકાની લાંબડીયા, વિજયનગર તાલુકાની વિજયનગર-૨, ઈડર તાલુકાની લાલોડા, પ્રાંતિજ તાલુકાની બાલીસણા, તલોદ તાલુકાની અશિયોડ અને હિંમતનગર તાલુકાની લીખી માધ્યમિક શાળાએ ભાગ લીધો હતો. જેમાં ૨ બાળકો અને ૧ શિક્ષક શાળા દીઠ હાજર રહ્યા હતા. જિલ્લા કક્ષાએથી ૬ થી વધુ ટીમો હોવાથી એલીમિનેશન રાઉન્ડ લેખિત કસોટીના રુપમાં યોજાયો ત્યારબાદ ૬ ટીમનો ૪-૫ રાઉન્ડ સાથે ઓન સ્ટેજ ક્વિઝ લેવામાં આવ્યો જેમાં પ્રથમ ક્રમે વિજયનગર-૨ પ્રાથમિક શાળા, બીજા ક્રમે દીધીયા પ્રા.શાળા, ત્રીજા ક્રમે સરકારી માધ્યમિક શાળા લીખી રહી હતી અને તેમાં વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી હર્ષદ ચૌધરી, જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર શૈલેષ વ્યાસ, રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.



# પ્રાંતિજ ખાતે ભાજપ દ્વારા લાભાર્થી સંમેલન યોજાયુ

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ભાજપ દ્વારા પ્રાંતિજ-તલોદ નુ લાભાર્થી સંમેલન યોજાયુ. આગામી ૨૦૨૪ ના વર્ષ માં લોકસભા ની ચુંટણીઓ આવી રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા અત્યાર થીજ તડામાર તૈયારીઓ ચાલુ કરી દીધી છે જેમા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નવ વર્ષ ના સુશાસન અને ગરીબ કલ્યાણ ઉજવણી ના ભાગરૂપે દેશ ભરમા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા ૩૦ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે જે પૈકી પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તલોદ નુ સંયુક્ત લાભાર્થી સંમેલન યોજાયુ હતુ જેમા સરકાર ની વિવિધ યોજાનાઓ થતી લાભ મળેલ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તો આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર , પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત ભાજપ કાર્યકરો આગેવાનો પ્રાંતિજ-તલોદ પ્રમુખો, ઉપપ્રમુખો સહિત ભાજપ કાર્યકરો આગેવાનો, ૩૦ દિવસના કાર્યક્રમના વિસ્તરકો સહિત નગરજનો, વેપારીઓ સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



**તકતી પ્રકરણ પછી જૂથવાદ વકર્યો, સમિતિના ૨ ચેરમેનના પદ છીનવાશે**

# હિંમતનગર નગરપાલિકાના બાંધકામ સમિતિ, આરોગ્ય સમિતિના ચેરમેનના હોદ્દા પરત લેવા સામાન્ય સભા યોજાશે

**પાલિકા પ્રમુખ ક્યારે સભા બોલાવશે તેના ઉપર મીટ મંડાઈ : નગરપાલિકામાં ધારાસભ્યનો પ્રભાવ વધતાં જૂથવાદ વકર્યાનો અનેક કાર્યકરોનો આરોપ**

બાયડ, તા.૨૮

હિંમતનગર નગર પાલિકામાં જૂથવાદ વકરતાં જિલ્લા ભાજપ સંગઠન દ્વારા સમિતિઓના ૨ ચેરમેનના પદ પરત લેવા ચીફ ઓફીસરને પત્ર આપવામાં આવ્યો છે. ત્યારે આગામી સામાન્ય સભા માં બાંધકામ સમિતિના ચેરમેન અને આરોગ્ય સમિતિના ચેરમેનના હોદા પરત લેવાની નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરાશે. પરંતુ અત્યારે શિસ્તબદ્ધ ભાજપ પક્ષમાં જૂથવાદ વકરતાં વિરોધીઓ અને કોંગ્રેસ ઘેલમાં આવી ગઈ છે. સામાન્ય સભામાં નગરપાલિકાના ૩૬ સભ્યોમાંથી ૩૨ સભ્ય હોવાથી હવે કોણ કોના પલ્લામાં બેસે છે તેના ઉપર પણ સૌની નજર ટેકવાઈ ગઈ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર હિંમતનગર નગરપાલિકામાં ગયા સપ્તાહે સરકારની સ્વર્ણિમ જ્યંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના તથા ૧૪મા નાંણાપંચની ગ્રાન્ટમાંથી કુલ રુ ૮.૮૮ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કરાયું જેમાં હિંમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલાની ઉપસ્થિતિ દેખાઈ પરંતુ નગરપાલિકા પ્રમુખ યતિનબેન મોદીને છેલ્લા કેટલાક સમયથી સાઈડલાઈન કરાતાં હોવાની લાગણી પ્રવર્તતિ હતી. લોકાર્પણ માટેની પત્રિકામાંથી પણ સંગઠનના અનેક જવાબદારોનાં નામ ગાયબ હતા. લોકાર્પણ થયું પરંતુ ચૂંટાયેલા મોટાભાગના નગરસેવકો ગેરહાજર અને પાંખી હાજરી હતી. નગરપાલિકા ઉપર પાલિકાના પ્રમુખ કરતાં ધારાસભ્યનો વધુ પ્રભાવ ચાલી રહ્યાનો ગણગણાટ સંગઠન સુધી પહોંચ્યો હતો અને લોકાર્પણમાં જે રીતે પત્રિકાઓમાં નામ છપાવ્યા તેના ઉપરથી શિસ્તબદ્ધ ભાજપમાં જૂથવાદ માથું ઉંચકતો હોવાનું બહાર આવ્યું હતું. હિંમતનગર નગરપાલિકા વિસ્તારના વિકાસ કામોના લોકાર્પણ કાર્યક્રમનો વિવાદ પ્રદેશ સંગઠન સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ ગણતરીના કલાકોમાં હિંમતનગર નગરપાલિકા બાંધકામ સમિતિના ચેરમેન અમૃતભાઈ પૂરોહિત અને આરોગ્ય સમિતિના ચેરમેન રાકેશભાઈ પટેલને સમિતિના ચેરમેન પદેથી અને અન્ય સમિતિઓમાંથી દૂર કરવા જિલ્લા ભાજપ સંગઠનને ચીફ ઓફીસરને પત્ર લખ્યાનું બહાર આવ્યું છે. જો કે હવે આગામી સામાન્ય સભા આ મુદ્દે તોફાની બનવાની પૂરેપૂરી સંભાવના છે. કારણ કે સમિતિના ચેરમેન પદ પરથી દૂર કરવાની સત્તા માત્ર સામાન્ય સભા પાસે છે. જેથી પાલિકા પ્રમુખ યતિનબેન મોદી સામાન્ય સભા ક્યારે બોલાવે છે તેના ઉપર ભાજપના હજારો કાર્યકરો અને નગરજનોની મીટ મંડાઈ છે.

**પત્ર મળ્યો છે - ચીફ ઓફીસર**

હિંમતનગર પાલિકાના ચીફ ઓફીસર અલ્પેશભાઈ પટેલનો સંપર્ક કરતાં જણાવ્યું કે રજૂઆત મળી છે અને આ અંગે નગરપાલિકા અધિનિયમ અનુસાર થતી કાર્યવાહી કરવામાં આવશે. અત્યારે હાલ કોઈને પણ ચેરમેન પદેથી દૂર કરાયા નથી.

**તકતીમાં સિદ્ધાર્થ પટેલનું નામ આવ્યા પછી ભડકો**

નિકટના સૂત્રો જણાવી રહ્યા છે કે હિંમતનગર નગરપાલિકાના રુ ૮.૮૮ કરોડના વિકાસ કામોના લોકાર્પણની તકતીઓ ગત સપ્તાહે લગાવવામાં આવી જેમાં લોકાર્પણમાં ધારાસભ્ય વિનેન્દ્રસિંહ ઝાલા અને મુખ્ય મહેમાનમાં સિદ્ધાર્થભાઈ પટેલનું નામ આવ્યા પછી ભડકો થયો છે. આગામી ચૂંટણીઓમાં કોઈને કટટું સાઈઝ કરીને કોઈકને મોટા બનાવવાના ઉતાવળીયા થઈ રહેલા પ્રયાસમાં શિસ્તબદ્ધ ભાજપમાં અશિસ્તનો અંગારો ચંપાયો હોવાની ચર્ચાઓ છડેચોક ચાલી રહી છે.

# પ્રાંતિજના વડવાસા ગામેથી પશુની ચોરી થતા પોલીસ ફરિયાદ થઈ

**પશુ માલિક દ્વારા અજાવ્યા પશુચોરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી**

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લા ના વડવાસા ગામેથી પશુની ચોરીથતા પશુ માલિક દ્વારા અજાવ્યા પશુ ચોર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી. પ્રાંતિજના વડવાસા ખાતે રહેતા પ્રભાતભાઇ પટેલના બોર કુવા ઉપર ખેતી મા ભાગ રાખીને રહેતા પોપટસિંહ પ્રતાપસિંહ રાઠોડ કે જેવો ખેતી સાથે પોતાના પરિવાર નુ ગુજરાન ચલાવવા માટે પશુઓ પણ રાખે છે જેમા એક ભેંસ તથા ત્રણ પાડીઓને ઘર આગળ રાત્રી ના સમયે બાંધેલ હતા તે સમયે કોઇ અજાણ્યા પશુ ચોર આવી એક પાડી જેની કિંમત-૨૦,૦૦૦ ઘર આગળ બાંધેલ હોય તેને રાત્રી દરમ્યાન ચોરી કરી લઈ જતા પશુ માલિક પોપટસિંહ પ્રતાપસિંહ રાઠોડ હાલ રહે વડવાસા મુળ રહે અણીયોર (બડોદરા) તા.તલોદ જિ.સાબરકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા પશુ ચોર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૭૮ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી.

# પ્રાંતિજ ખાતે ભારે વાહનો ઉપર પ્રતિબંધ મુકવા આવેદનપત્ર આપ્યુ



પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે બાળકોની સલામતીને લઈ ને પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી તથા પ્રાંતિજ મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપી રજૂઆત કરી અને શાળા સમયે તથા શાળા છુટવાના સમયે ભારે વાહનો ઉપર પ્રતિબંધ મુકવા આવેદનપત્ર આપ્યુ. પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ ત્રણ રસ્તાથી રેલ્વેસ્ટેશન સુધી આશરે ૧૨ જેટલી સ્કુલ કોલેજ આવેલ છે અને આ રોડ ઉપર સરકારી કચેરીઓ અને સંસ્થાઓ પણ આવેલ છે તો હજારોની સંખ્યા મા બાળકો અભ્યાસ અર્થે શાળાઓ મા આવતા હોય છે અને અવરનવર ભારે વાહનોને ડમ્પરો રેતી-માટી, કંપચી ભરે વાહનો ફુલફાસ્ટ આડેધડ બેફામ નિકળતા હોય છે અને અવરનવર અકસ્માતોની ઘટના બને છે અને બાળકોએ અકસ્માત મા જીવ પણ ગુમાવ્યા છે ત્યારે આવી કોઇ ઘટના અન્ય બાળકો સાથે ના બને તેને ધ્યાને લઈ ને પ્રાંતિજ ખાતે આવેલ વિવિધ સ્કુલના આચાર્ય તથા કોલેજના પ્રિન્સીપાલો, વિવિધ સંસ્થાના પ્રમુખો સહિત વાલીઓ તથા સામાજિક કાર્યકરો તથા ગામના આગેવાનો આપમેળે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે આવીને પ્રાંતિજ-તલોદ ની પ્રાંન્ત કચેરી ખાતે હાજર શિરસ્તેદાર અશ્વિનભાઈ ને આવેદનપત્ર આપ્યુ હતુ તો પ્રાંતિજ મામલતદાર આર.જી. ઠેસિયા ને પણ આવેદનપત્ર આપીને શાળા સમયે તથા શાળા છુટવા ના સમયે રોડ ઉપર આવતા ભારે વાહનો ઉપર પ્રતિબંધ લગાવવા માટે આવેદનપત્ર સુપ્રત કરી રજુઆત કરી હતી.

**પ્રાંતિજ ખાતે દુરગંધ યુક્ત પાણી આવતુ હોવાની રહીશોની રાવ**

# ખોડીયાર કુવા, તપોધન વાસ, નવાધરા , લાલદરવાજા સહિતના વિસ્તારોમાં દુર્ગંધ યુક્ત પાણી....!!!

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે છેલ્લા છ દિવસ થી પ્રાંતિજના કેટલાક વિસ્તારોમા દુરગંધ યુક્ત પાણી આવતા આ વિસ્તારના રહીશોમા રોગચાળાનો ભંય જોવા મળી રહ્યો છે તો પ્રાંતિજ પાલિકા મા રજુઆત બાદ પણ પરિસ્થિતિ જેસેથે ની.

પ્રાંતિજના ખોડીયાર કુવા,તપોધન વાસ, નવાધરા , લાલ દરવાજા, હુમ્મર કુવા, ઉડી ફડી સહિત વિસ્તાર મા નગર પાલિકા દ્વારા આપવામા આવતુ પાણી દુરગંધ યુક્ત આવતુ હોવાથી રહીશોમા બુમરાહ ઉઠવાપામી છે તો દુરગંધ યુક્ત પાણી આવતા રહીશો મા રોગચાળાને લઈને ભય નો માહોલ જોવા મલી રહ્યો છે ત્યારે છેલ્લા પાંચ દિવસ થી રહીશો દ્વારા પાલિકામા રજુઆત બાદ પણ પાણી દુરગંધ યુક્ત આવતા રહીશોમા હાલ તો રોષ જોવા મલ્યો છે ત્યારે જો પાણી જન્ય રોગચાળો ફેલાસેતો જવાબદારી કોના શીરે રહેશે ત્યારે હાલ તો તપોધન વાસ, ઉડી ફડી લાલદરવાજા વિસ્તારમા કેટલાક લોકો ને પેટમા દુખવાની બુમરાહ પણ ઉઠવા પામી છે અને રહીશો દુરગંધ યુક્ત ગંદુ પાણી પીતા બિમાર પડયા હોવાની રાવ પણ ઉઠી છે તો ઉડી ફડી , લાલદરવાજા વિસ્તાર ના રહીશોનુ કહેવુ છે પાલિકામા રજુઆત બાદ પણ કોઈ ધ્યાને લેતુ નથી તો રજૂઆત કરવા જોઈએ તો પ્રાંતિજ પાલિકામા કોઈ જવાબદાર અધિકારી હોતુ નથી જયારે જઈએ ત્યારે મીટીંગ મા છે તેવા જવાબ મળે છે આ અંગે પ્રાંતિજ નગર પાલિકા ના ચીફ ઓફિસર પ્રાર્થના બેન રાઠોડ નો ટેલીફોનીક સંપર્ક કરતા તેવોએ જણાવ્યુ કે હા હમારી જોડે કાલ ની કપ્લેન આવી છે અને મે બોર ઓપરેટરને જોવાનુ કીધુ પણ છે ત્યારે હાલતો છેલ્લા પાંચ દિવસ થી દુરગંધ યુક્ત પાણી ની સમસ્યા છે ત્યારે ચીફ ઓફિસર પ્રાર્થના બેન પાસે એક દિવસ અગાઉજ કપ્લેન આવી છે જે હોય તે પણ હાલતો દુરગંધ યુક્ત પાણી ને લઈ ને આ વિસ્તાર ના રહીશો પરેશાન થઈ ગયા છે અને પીવા માટે બહાર થી પાણી લાવવાનો વારો આવ્યો છે તો આ વિસ્તારના લોકોને ટેક્રર દ્વારા શુધ્ધ પીવાનુ પાણી પોહચાડવામા આવે તેવી માંગ પણ ઉઠી છે ત્યારે જો તાત્કાલિક ધોરણે દુરગંધ યુક્ત આવતુ પાણી સમસ્યા નો ઉકેલ નહી આવે તો પાણી જન્ય બિમારી ફેલાય તો નવાઈ નહી ત્યારે જો બે દિવસ મા નિકાલ નહી આવેતો મહિલાઓ પાલિકાએ જઇ ને માટલાફોડ સહિત ના કાર્યકમો સહિત ઉપર સુધી રજુઆત કરશે તેવુ આ વિસ્તાર ની મહિલાઓ જણાવ્યુ હતુ ત્યારે હવે જોવુ એ રહ્યુ કે પ્રાંતિજ પાલિકા હવે જાગશે ખરી કે પછી હોતા હે હોને દો જેવી સ્થિતી જોવા મળશે એતો હવે જોવુ રહ્યુ.



**બનેવી પાસે મોકલ્યા પછી ફરીથી સ્વિકારી લેશે તેવું વચન આપ્યું હતુ**

# સંતાન ન થતાં પતિએ પત્નીને સગા બનેવી સાથે હલાલો કર્યો, પુનઃ સ્વિકાર ન કરી દગો કર્યો

**પત્નીએ પતિ સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી**

પાલનપુર તા.૨૮

પાલનપુરમાં રહેતી એક યુવતીના લગ્ન વડગામ તાલુકાના મુમનવાસ ગામે થયા હતા. જોકે, લગ્નજીવન દરમિયાન સંતાન ન થતાં પતિએ ત્રણ તલાક આપી સગા બનેવી સાથે હલાલો કર્યો હતો. અને પુનઃ સ્વિકારવાનો વાયદો કર્યો હતો. જોકે, ત્યાં પણ સંતાન ન થતાં તેણીનો અસ્વિકાર કરી દગો કર્યો હતો. આ અંગે પત્નિએ તેના પતિ સહિત સાસરીયા સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પાલનપુરમાં રહેતી એક યુવતીના લગ્ન વર્ષ ૨૦૧૬ ની સાલમાં મુસ્લિમ સમાજના સરીયત મુજબ વડગામ તાલુકાના મુમનવાસ ગામે રહેતા ઈલીયાસભાઈ સુલેમાનભાઈ માકણોજીયા સાથે થયા હતા. લગ્નના થોડાક સમય લગ્ન જીવન સારું ચાલ્યા બાદ તેણીને સંતાન ન થતાં પતિ દ્વારા તસલીમબેનને અવાર-નવાર શારીરિક માનસિક ત્રાસ આપી ગરડા પાટુનો માર મારી અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. તેમજ ૨૦૧૮ માં બે વખત કલાક- કલાક આપેલ તેમજ ત્રીજી વાર ૨૦૨૨ માં કલાક આપ્યા હતા. અને પોતાના બનેવી સાથે હલાલો કરી પુનઃ સ્વિકારવાનો વાયદો કર્યો હતો. જોકે, તે પછી પતિએ તેણીનો સ્વિકાર કર્યો ન હતો. ઉલટાનું સમાજની બહાર મુકી દીધી હતી. આ અંગે તેણીએ પતિ તેમજ પોતાને વાંજણી કહી મ્હેણા ટોણા મારનાર પરિવારના ઈલીયાસ માકણોજીયા, ઈરફાનભાઈ માકણોજીયા, મહંમદભાઈ માકણોજીયા, અરમાનભાઈ માકણોજીયા, રૂકશાનાબેન માકણોજીયા સામે મહીલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસામાં જર્જરિત તો ઠીક હવે નિર્માણાધિન બિલ્ડિંગના સ્લેબ પણ તૂટવા લાગ્યા, ૧નું મોત, ૨ ગંભીર, જવાબદાર કોણ?

મોડાસા, તા. ૨૮

ચોમાસુ ચાલી રહ્યું છે ત્યારે જર્જરિત ઈમારતો પડવાના કિસ્સાઓ તો સામાન્ય છે, પરંતુ અરવલ્લી જિલ્લામાં જર્જરિત નહીં પરંતુ નિર્માણાધિન ઈમારતનો સ્લેબ તૂટી પડ્યાની ઘટનાથી અનેક સવાલો ઉઠી રહ્યા છે. હાલ ચોમાસું શરૂ થઈ ચુક્યું છે તંત્ર દ્વારા પ્રિમોન્સુન પ્લાનિંગ કામગીરી પૂર્ણ કરી દીધી છે, જર્જરિત ઈમારતો, મકાનો તેમજ અન્ય એકમોને આવા જર્જરિત ભાગો ઉતારી લેવા તાકિદ પણ કરવામાં આવી હતી, આ વચ્ચે અરવલ્લી જિલ્લાના મોડાસામાં મંગળવારે સવારના અરસામાં નિર્માણાધિન બિલ્ડીંગનો સ્લેબ તૂટી પડવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં એક શ્રમિકનું મોત નિપજ્યું છે જયારે ૨ શ્રમિકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે,, ઈજાગ્રસ્તોમાં એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પ્રત્યક્ષદર્શી શ્રમિક જણાવ્યું કે, તેઓ છજાનું પ્લાસ્ટર કરી રહ્યા હતા, તે સમય આ દુર્ઘટના ઘટી હતી.. આટલી મોટી દુર્ઘટના થવા છતાં બિલ્ડિંગના માલિક ફરક્યા ન હોવાનું જણાવ્યું હતું. મંગળવારના દિવસે મોડાસાના માલપુર રોડ વિસ્તારમાં નિર્માણાધિન ઈમારતના સ્લેબ તૂટી પડવાની ઘટનાની જાણ થતાં ફાયર વિભાગ, પોલિસ અને એમ્બ્યુલન્સની ટીમ દોડી આવી હતી, અને તૂટી પડેલા સ્લેબ નીચે દટાયેલા બે શ્રમિકોને બહાર કાઢી તાત્કાલિક સારવાર અર્થે ખસેડ્યા હતાપ સમગ્ર ઘટનાને લઈને મોડાસા નગર પાલિકાના હોદ્દેદારો પણ દોડી આવ્યા હતા અને આ સમગ્ર ઘટનાને લઈને પ્રાથમિક તપાસ હાથ ધરી છે.. મોડાસા નગર પાલિકાના પ્રમુખે જણાવ્યું કે, બિલ્ડિંગની મંજૂરી લેવામાં આવી છે, પણ અંડર કન્સ્ટ્રક્શન હોવાને લઈને તે મજબૂત ન હોવાથી તૂટી હોઈ શકે. મોડાસા શહેરમાં નિર્માણાધિન બિલ્ડિંગના સ્લેબ તૂટી પડતા એક જિંદગી બૂજાઈ ગઈ છે, આ માટે જવાબદાર કોણ તે એક સવાલ છે.. હાલ તો સમગ્ર ઘટનાને લઈને મંજૂરી સહિત સેફ્ટી સહિત નિયમોનું પાલન થતું હતું કે, કેમ, તે અંગે તપાસ જરૂરી છે.



# તલોદ તાલુકાના બડોદરાના પાંચ દિવસથી ગુમ યુવાનની લાશ મળતાં ચકચાર....!!!

તલોદ, તા. ૨૮


તલોદ તાલુકાના બડોદરા ગામે બે દિવસ થી ગુમ થયેલા એક આશાસ્પદ યુવાન નુ વહાણવટી સિકોતર માતાના મંદિર ની બાજુમા આવેલા કૂવામાંથી લાશ મળતાં સમગ્ર પંથક માં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

આ અંગે મળતી માહિતી મુજબ તલોદ તાલુકાના બડોદરા ગામે રહેતાં લાલસિંહ ઝાલા ને સંતાનમાં એક દીકરી અને એક દીકરો હતા દીકરો સુરેશ સિહ ઝાલા કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી અઢાર વર્ષની વયે સુરત ખાતે હીરાની ફેકટરી મા હીરા ઘસુ તરીકે કામ કરતો હતો તે સુરેશ બીમાર હોવાથી ઘેર આવ્યો હતો દરમ્યાન છેલ્લા ચાર પાંચ દિવસ થી સુરેશ ઝાલા ગુમ થઈ ગયો હતો સગા વહાલે તેમજ આજુબાજુના ગામોમાં સુરેશ ની તપાસ કરવા છતાં કોઈ ભાળ મળી ન હતી જેથી તેના વાલી એ સુરેશ ગુમ થયેલ હોવાની તલોદ પોલીસ સ્ટેશન ખાતે જાણવાજોગ ફરિયાદ નોંધાઇ હતી દરમ્યાન આજે ગામના જ વહાણવટી સિકોતર માતાના મંદિર પાસે આવેલ કૂવામા લાશ તરતી હોવાનું જણાતા ગામના લોકો એ સુરેશ ના પિતા લાલસિંહ ઝાલા ને જાણ કરી હતી આ લાશ સુરેશ ની જ હોવાનું પ્રાથમિક તબક્કે જણાતા ગામજનો એ તલોદ પોલીસ સ્ટેશન ખાતે જાણ કરતાં તલોદ પોલીસ સબ ઈન્સ્પેકટર બી એમ પટેલ પોલીસ કુમક સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને લાશનો કબ્જો લેતાં લાશ સડી ગયેલી હોવા નુ લાગતા પોસ્ટમોર્ટમ અર્થે તલોદ સામુહીક આરોગ્ય કેન્દ્ર ના અધિક્ષક ડો જતીન પટેલ ને સ્થળ પર બોલાવી પોસ્ટમોર્ટમ કર્યું હતું અને લાશ તેના કુટુંબી જનો ને સુપ્રત કરી હતી. આ અંગે પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી એમ પટેલ દ્વારા વિસ્તૃત તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે જોકે નાદુરસ્ત તબિયત ના કારણે જ આ પગલું ભર્યુ હોવાનું પ્રાથમિક અનુમાન પોલીસ લગાવી રહી છે.

# થરાદરી મોચી સમાજ દ્વારા જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર







ધાનેરા તા.૨૮

થરાદરી મોચી સમાજ દ્વારા પાલનપુર ખાતે મોચી સમાજના આગેવાનો તેમજ ગામે ગામ થી મોટી સંખ્યામાં લોકો ભેગા થયાં હતા. જિલ્લા કલેકટર શ્રી અને જિલ્લા પોલીસ અધિક્ષક ને આવેદન પત્ર આપ્યું હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરાના સંવાદદાતા ભરત બી પરમારનો અહેવાલ જણાવે છે કે, આવેદન પત્ર દિયોદરમાં રહેતા વિનોદભાઈ રાવજીભાઈ પરમાર (મોચી)ના વિરોધમાં આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. સમાજના આગેવાનો પર અને દિયોદર માં રહેતા મોચી સમાજ ના ભાઈ ઓ પર અવાર નવાર ખોટી ખોટી અરજી ઓ કરી ધાક ધમકી ઓ આપે છે. અને સમાજની મૂડી અને દસ્તાવેજો પોતાની પાસે રાખી રયા છે. થરાદરી મોચી સમાજ માં કોઈ પણ પ્રકાર નો હોદો ના હોવા છતાં પણ દૂર ઉપયોગ કરી સમાજ ના આગેવાનો પર અવાર નવાર ખોટી ખોટી અરજીઓ કરવામાં આવે છે. જેને લઈ આજે થરાદરી મોચી સમાજના મોટી સંખ્યામાં ભાઈ અને બહેનો દ્વારા જિલ્લા કલેક્ટર વરૂણકુમાર બરનવાલ અને જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. અને સાથે સાથે મદદનીશ ચેરિટી કમિશનરને પણ આવેદન પત્ર આપવામાં આવ્યું.